# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

******************************************************

**1)** પ્રધાનમંત્રીએ સ્વામિત્વ યોજના અંતર્ગત ગુજરાત સહિત દેશભરમા પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું

**2)** કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારમૈયા સામે પ્રવર્તન નિદેશાલયે કાર્યવાહી કરીને 142 સ્થાવર મિલકત જપ્ત કરી

**3)** દિલ્હી વિધાનસભાની 70 બેઠકો માટેની ચૂંટણી માટે એક હજાર 521 ઉમેદવારીપત્રો ભરાયાં

**4)** કોલકત્તાની આર જી કર મેડિકલ કોલેજ કેસમાં આજે અદાલત ચુકાદો જાહેર કરે તેવી શક્યતા

**5)** તીવ્ર ઠંડીની આગાહીના પગલે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પદના શપથગ્રહણ સમારંભનું સ્થળ બદલાયું

**6)** ICC મહિલા ટી-20 વિશ્વકપનો ઓસ્ટ્રેલિયા અને સ્કોટલેંડ વચ્ચેની મેચ સાથે આજથી મલેશિયામાં પ્રારંભ થયો

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM SWAMITVA YOJNA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મિલકત માલિકોને SVAMITVA યોજના હેઠળ 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું. દસ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોના 50 હજારથી વધુ ગામોમાં પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે.

(BYTE :PM MODI)

SVAMITVA યોજનાનો ઉદ્દેશ્ય ગામડાના આબાદી વિસ્તારોમાં મિલકત માલિકોને અધિકારોનો રેકોર્ડ પ્રદાન કરવાનો છે. સર્વેક્ષણ માટે અદ્યતન ડ્રોન ટેકનોલોજી દ્વારા ઘરોને અધિકાર પ્રદાન કરીને ગ્રામીણ ભારતના આર્થિક વિકાસને વધારવા માટે SVAMITVA યોજના 2020 માં શરૂ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ત્રણ લાખ 17 હજારથી વધુ ગામડાઓમાં ડ્રોન સર્વેક્ષણ પૂર્ણ થયું છે, જે લક્ષિત વિસ્તારોના 92 ટકાને આવરી લે છે. એક લાખ 50 હજારથી વધુ ગામડાઓ માટે લગભગ બે કરોડ 25 લાખ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. પુડુચેરી, આંદામાન અને નિકોબાર ટાપુઓ, ત્રિપુરા, ગોવા, ઉત્તરાખંડ અને હરિયાણામાં આ યોજના સંપૂર્ણ પણે લાગુ થઈ છે તથા મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ અને અનેક કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ ડ્રોન સર્વે પૂર્ણ થઈ ગયો છે.

# PM - MYGOV RURAL TRANSFORMATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહ્યું કે, સરકાર ટેકનોલોજી અને સુશાસનની મદદથી છેવાડાના ગામડાઓને મજબૂત બનાવી રહી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ ગ્રામીણ જમીનના ડીજીટાઈઝેશન પર ભાર મૂકતાં કહ્યું કે, આ આધુનિકીકરણથી ભારતના કૃષિ ક્ષેત્રને નવો આકાર મળશે.

શ્રી મોદી ઉમેર્યું કે, આ પરિવર્તનકારી પગલાંથી પારદર્શકતા, ટેક્નોલોજીની ઉપલબ્ધતા અને સશક્તિકરણથી ગ્રામ્ય જનતાને જમીનને લગતા પ્રશ્નોના નિરાકરણમાં મદદ મળી છે. જેનાથી ગામના લોકોને જમીનની માલિકીને લગતા દાવા કરવા સરળ બન્યા છે

# RAJNATH-DEFENSIVE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંરક્ષણ ક્ષેત્રમાં વધતા તણાવ વચ્ચે દેશની આક્રમક અને રક્ષણાત્મક કાર્યવાહીને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં નૌકાદળના એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે, દેશના સંરક્ષણ દળોની જટિલતાઓ સમય સાથે વધી રહી છે. શ્રી સિંહે કહ્યું કે દેશભક્તિ, હિંમત અને શિસ્ત સૈનિકોને દેશની રક્ષા પ્રત્યેની તેમની જવાબદારીઓ નિભાવવામાં મદદ કરે છે.

(BYTE :RAJNATH SINH)

# BJP KARNATAKA-MUDA CASE

કર્ણાટક ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ બી.વાય.વિજયેન્દ્રએ કહ્યું કે, MUDA કેસમાં પ્રવર્તન નિદેશાલયની તપાસમાં એક મોટા ભ્રષ્ટાચારના કૌભાંડનો પર્દાફાશ થયો છે. જેમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સંડોવાયેલા છે.

સોશિયલ મીડિયા દ્વારા, શ્રી વિજયેન્દ્રએ આરોપ લગાવ્યો છે કે, મુખ્યમંત્રીએ રાજકીય પ્રભાવનો ઉપયોગ કરીને તેમની પત્નીના નામે ગેરકાયદેસર રીતે રહેણાંક જમીન ફાળવી હતી. તેમણે આ કૌભાંડની નિષ્પક્ષ તપાસ માટે CBI તપાસની અને મુખ્યમંત્રીના રાજીનામાની માંગ કરી છે.

# ODISA- SINGAPUR PRESIDENT

ઓડિશા સરકારે કૌશલ્ય વિકાસ, ગ્રીન એનર્જી અને ઔદ્યોગિક પાર્ક વિકાસ સહિત વિવિધ ક્ષેત્રોમાં સિંગાપોર સ્થિત સંસ્થાઓ સાથે આઠ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને સિંગાપોરના રાષ્ટ્રપતિ થરમન ષણમુગરત્નમની હાજરીમાં ભુવનેશ્વર ખાતે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ ષણમુગરત્નમ ગઈકાલથી મંત્રીઓ, સંસદસભ્યો અને વરિષ્ઠ અધિકારીઓ સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે ઓડિશાની બે દિવસીય મુલાકાતે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ECI-NOMINATION DATA

દિલ્હી વિધાનસભાની 70 બેઠકો માટેની ચૂંટણી માટે કુલ 1 હજાર 521 ઉમેદવારીપત્રો દાખલ થયા છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, નામાંકનના છેલ્લા દિવસે 680 ઉમેદવારીપત્રો દાખલ થયા હતા.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાં સૌથી વધુ ઉમેદવારીપત્રો દાખલ થયા છે અને આ બેઠક માટે કુલ 29 ઉમેદવારોએ 40 ઉમેદવારીપત્રો દાખલ કર્યા છે. આ બેઠક પરથી આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ ભાજપના પ્રવેશ વર્મા અને કોંગ્રેસના સંદીપ દીક્ષિત સામે ચૂંટણી લડી રહ્યા છે. પંચે એમ પણ કહ્યું હતું કે, કાલકાજી બેઠક પરથી કુલ 18 ઉમેદવારોએ 28 ઉમેદવારીપત્રો દાખલ કર્યા છે, જેમાંથી વર્તમાન મુખ્યમંત્રી આતિશી ભાજપના રમેશ બિધુરી અને કોંગ્રેસના અલકા લાંબા સામે ચૂંટણી લડી રહ્યા છે.

ઉમેદવારીપત્રોની ચકાસણી આજે થઈ રહી છે અને ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૦મી જાન્યુઆરી છે.

# WB-RG KAR VERDICT

પશ્ચિમ બંગાળના કોલકાતાના આરજી કાર મેડિકલ કોલેજ કેસમાં આજે સિયાલદાહ કોર્ટ પોતાનો ચુકાદો આપશે. તપાસ સંસ્થા સીબીઆઇએ સંજય રાય સામે ચાર્જશીટ દાખલ કરી છે. તો બીજી તરફ પીડિતાના માતા પિતા, જુનિયર ડૉક્ટરો અને સમજના અન્ય વર્ગોએ સંજય રાય સિવાય અન્ય કોઈ વ્યક્તિની સંડોવણીનો ઉલ્લેખ આ ચાર્જશીટમાં ન કરાતા આક્રોશ વ્યક્ત કર્યો છે.

તેઓનું માનવું છે કે, ગયા વર્ષે ઓગસ્ટમાં આર જી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં જુનિયર ડોક્ટર પર થયેલા દુષ્કર્મ અને હત્યામાં અન્ય લોકો પણ સામેલ હોઈ શકે છે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો શેર કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો ૧૧૮મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તેનું લાઇવ સ્ટ્રીમિંગ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે

# TRUMP INAUGRATION-INDOORS

અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં તીવ્ર ઠંડીની આગાહીને કારણે, ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ શપથગ્રહણ સમારોહને કેપિટોલ રોટુન્ડામાં ખસેડવામાં આવશે.

શ્રી ટ્રમ્પે તેમના સોશિયલ પ્લેટફોર્મ પર જાહેરાત કરી હતી કે, સમગ્ર દેશમાં ઠંડીનું તીવ્ર મોજુ ફરી વળ્યું છે. જેના કારણે તેમણે શપથગ્રહણ સમારોહને બદલવાનો નિર્ણય લીધો છે. ઉત્તર અમેરિકાના મોટાભાગના ભાગોમાં ભારે ઠંડીની ચેતવણી આપવામાં આવી છે,

# IMF GROWTH PROJECTION

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ - IMFએ આગામી બે નાણાકીય વર્ષ, 2025-26 અને 2026-27માં ભારત માટે 6.5 ટકાના વિકાસ દરનો અંદાજ જાળવી રાખ્યો છે. ગઈકાલે પ્રકાશિત થયેલા વર્લ્ડ ઇકોનોમિક આઉટલુકના નવીનતમ અહેવાલમાં IMF એ આ મુજબ જણાવ્યું છે. IMF અનુસાર, ભારતે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપી વિકાસ દર જાળવી રાખ્યો છે.

દરમિયાન, IMF મુજબ 2025 અને 2026માં વૈશ્વિક વૃદ્ધિ 3.3 ટકા રહેવાનો અંદાજ છે, જે 3.7 ટકાની ઐતિહાસિક સરેરાશથી નીચે છે. અમેરિકા અને અન્ય મુખ્ય અર્થતંત્રોમાં આ ઘટાડાને સંતુલિત કરવા કરાયેલા બદલાવ સાથે વર્લ્ડ

ઇકોનોમિક આઉટલુકની 2025ની આગાહી ગત ઓક્ટોબર માસ પ્રમાણે યથાવત છે.

# CRICKET U19 WOMEN'S T20 WC

ICC અંડર-19 મહિલા ક્રિકેટ ટ્વેન્ટી ટ્વેન્ટી વિશ્વ કપ મલેશિયામાં આજથી શરૂ થયો છે. વિશ્વ કપની શરૂઆત ઓસ્ટ્રેલિયા અને સ્કોટલેન્ડ વચ્ચેની મેચથી થઈ છે. ભારત આવતીકાલે વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાની પહેલી મેચ રમશે. ભારતે 2023માં દક્ષિણ આફ્રિકામાં રમાયેલી ફાઇનલમાં ઇંગ્લેન્ડને હરાવીને પ્રથમ અંડર-19 મહિલા વર્લ્ડ કપ જીત્યો હતો. ભારતને મલેશિયા, શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ સાથે ગ્રુપ A માં રાખવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં યજમાન મલેશિયા સહિત 16 ટીમો ભાગ લઈ રહી છે. આ ટીમોને ચાર ગ્રુપમાં મૂકવામાં આવી છે. આ 16 દિવસની સ્પર્ધામાં કુલ 41 મેચ રમાશે. સ્પર્ધાની ફાઇનલ 2 ફેબ્રુઆરીએ કુઆલાલંપુરમાં રમાશે.

# KUMBHVANI-PUBLIC ADDRESS SYSTEM

પ્રયાગરાજના મહાકુંભ નગરમાં ભક્તો અને યાત્રાળુઓ હવે આકાશવાણીના કુંભવાણી ન્યૂઝ બુલેટિનને જાહેર સંબોધન પ્રણાલી દ્વારા લાઇવ સાંભળી શકશે.

આજે સવારે સાડા આઠ વાગ્યે કુંભવાણી ન્યૂઝ બુલેટિનનું મહાકુંભ નગરમાં જાહેર સંબોધન પ્રણાલી દ્વારા પ્રસારણ કરવામાં આવ્યું હતું. કુંભવાણી ન્યૂઝ

બુલેટિનનું પ્રસારણ સવારે ૮.૩૦ થી ૮.૪૦, બપોરે ૨.૩૦ થી ૨.૪૦ અને સાંજે ૮.૩૦ થી ૮.૪૦ સુધી કરવામાં આવે છે.

ન્યૂઝ બુલેટિન ૧૦૩.૫ મેગાહર્ટ્ઝ ફ્રીક્વન્સી, ન્યૂઝનએર એપ અને વેવ્ઝ ઓટીટી પ્લેટફોર્મ પર પણ સાંભળી શકાશે. આ ચેનલ 26 ફેબ્રુઆરી સુધી સમાચાર અને અન્ય કાર્યક્રમોનું પ્રસારણ કરશે.